ISSN: 2319-202X

# શિક્ષણમાં ICT ના કાર્યક્ષેત્રનો વિનિયોગ

વ્યાસ ખ્યાતિબેન ડી
શિક્ષક (English Medium GSEB), શાન્તનુ વિદ્યાલય, અંકલેશ્વર
Mo. 9429285235 Email - khyativyas36@gmail.com

વર્તમાન સમયમાં ICTનો એટલી ઝડપે વિકાસ થઈ રહ્યો છે કે અમુક સમયાંતરે નવી તકનીકો અથવા નવા સાધનો આવતાં રહે છે. આજના બદલાતા યુગમાં શિક્ષણ એ માત્ર પુસ્તકો અથવા ક્લાસરૂમ પૂરતું સિમિત રહ્યું નથી. શિક્ષણક્ષેત્રે તકનિકીકરણ એ જરૂરિયાતમંદ માટે એક આશીર્વાદરૂપ બની રહ્યું છે. જેનાથી શિક્ષણની ગુણવત્તા મહદ અંશે સુધરી છે અને જેના કારણે શિક્ષણક્ષેત્રે ICT ના કાર્યક્ષેત્રનો પણ વિકાસ થતો રહે છે. શિક્ષણના કાર્યક્ષેત્રો જેવા કે મૂલ્યાંકન અને પરીક્ષણ, અધ્યયન –અધ્યાપન સામગ્રી વિકાસ, શાળા સંચાલન અને વ્યવસ્થાપન, સંશોધન, ગ્રંથાલય વગેરે જેવા ક્ષેત્રોમાં ICT નો શિક્ષણમાં વિનિયોગ ઉપલબ્ધ બન્યો છે.

ICT ના ક્ષેત્રમાં અમુક સમયાંતરે કોઈને કોઈ નવી તકનિક અથવા સાધનનો ઉમેરો થતો રહે છે, જેના કારણે આપણા જીવન સાથે સંકળાયેલા તમામ ક્ષેત્રોમાં તેની ઉપયોગિતા વધતી રહે છે. શિક્ષણક્ષેત્રે તેની ઉપયોગિતા અને અનિવાર્યતા દાયકાઓ પહેલાં સ્વીકારી લેવામાં આવી હતી. આજે પણ ICT ના ક્ષેત્રે કોઇ પણ નવી તકનિક કે સાધનનો ઉમેરો થાય છે કે તરત જ શિક્ષણ ક્ષેત્રે તેનો અસરકારક વિનિયોગ કયા કાર્ય માટે થઇ શકશે, તે અંગેના પ્રયોગો થવા લાગે છે અથવા તેની ઉપયોગિતા અંગે અંદાજ કાઢીને ચોક્કસ ક્ષેત્રમાં તેનો વિનિયોગ શરુ કરવામાં આવે છે. પરિણામે આજે શિક્ષણમાં અનેક કર્યો માટે તેનો સફળતાપૂર્વક ઉપયોગ થઈ રહ્યો છે. પરિણામે શિક્ષણમાં ICTનું કાર્યક્ષેત્ર વિસ્તરતું જાય છે.

**શિક્ષણમાં ICT કાર્યક્ષેત્ર**

એક સમય હતો કે, જયારે ભારત જેવા અનેક દેશોમાં શિક્ષણ ક્ષેત્રે નવીનીકરણને ઓછો અથવા નહીવત આવકાર મળતો હતો. હવે પરિસ્થિતિ બદલાઈ છે. ઈન્ટરનેટ અને ICT માટેના સાધનોની કિંમત ઘટવાને કારણે તથા તેમની પ્રાપ્યતા વધવાને કારણે શિક્ષણ પ્રણાલી સાથે સંકળાયેલા એવા નીચે જણાવ્યા મુજબના અનેક ક્ષેત્રોમાં ICTનો ઉપયોગ કરવામાં આવે છે.

- મૂલ્યાંકન અને પરીક્ષણમાં ICT નો વિનિયોગ
- અધ્યયન-અધ્યાપન સામગ્રી વિકાસમાં ICT નો વિનિયોગ
- શાળા સંચાલન અને વ્યવસ્થાપનમાં ICT નો વિનિયોગ
- સંશોધનમાં ICT નો વિનિયોગ
- પુસ્તકાલયમાં ICT નો વિનિયોગ

ISSN: 2319-202X

❖ **મૂલ્યાંકન અને પરીક્ષણમાં ICT નો વિનિયોગ**

- ઓનલાઈન પરીક્ષા માટે.
- પ્રશ્નપત્રની બ્લ્યૂપ્રિન્ટ તૈયાર કરવા માટે.
- પ્રશ્નપત્રની રચના કરવા માટે.
- પ્રશ્નબેંક તૈયાર કરવા માટે.
- પરીક્ષા અને મૂલ્યાંકન પ્રક્રિયાનું આયોજન કરવા માટે.
- પરીક્ષાનાં પરિણામો તેયાર કરવા માટે.
- પરીક્ષાનાં પરિણામોનું વિશ્લેષણ કરવા માટે.
- વિદ્યાર્થીઓના પ્રગતિપત્રક તૈયાર કરવા માટે.
- અનાત્મલક્ષી કસોટીઓ દ્વારા લેવાયેલી પરીક્ષાઓના સંદર્ભમાં વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓનું મૂલ્યાંકન કરવા માટે.

❖ **અધ્યયન-અધ્યાપન સામગ્રી વિકાસમાં ICT નો વિનિયોગ**

- વિદ્યાર્થીઓ માટે નોટ્સ તેયાર કરવા માટે.
- અધ્યાપનમાં ઉપયોગી પ્રેઝેન્ટેશન કાર્યક્રમો તેયાર કરવા માટે વિવિધ સોફ્ટવેરનો ઉપયોગ કરી શકાય છે.
- પુસ્તકો અને નોટ્સની પ્રિન્ટ લેવા માટે.
- પુસ્તકાલયમાંના પુસ્તકોને ડિઝિટલાઈઝ્ડ કરીને તેમનો લાંબા સમય સુધી સંગ્રહ કરવા માટે.
- પુસ્તકો લખવા માટે વિવિધ કમ્પ્યૂટર સોફ્ટવેરનો ઉપયોગ કરીને આકર્ષક, સચિત્ર અને યોગ્ય ફોર્મેટમાં વિષયવસ્તુ દાખલ કરી શકાય છે.
- પુસ્તકો અને નોટ્સનો સંગ્રહ કરવા માટે.
- ઈ-બુક્સનો વિકાસ અને સંગ્રહ કરવા માટે.
- કમ્પ્યૂટર આધારિત સ્વઅધ્યયન સામગ્રી તૈયાર કરવા માટે.
- વિશ્વકોષો, શબ્દકોષો અને જોડણીકોષો  તૈયાર કરવા અને સંગ્રહ કરવા માટે.
- શાળાનાં શૈક્ષણિક સામાયિકો તૈયાર કરવા માટે

❖ **શાળા સંચાલન અને વ્યવસ્થાપનમાં ICT નો વિનિયોગ**

- શિક્ષકો અને વિદ્યાર્થીઓનો રેકોર્ડ રાખવા માટે.
- શિક્ષકોની હાજરીની નોંધ રાખવા તથા તેમનું પગારપત્રક તૈયાર કરવા માટે.
- શાળાનું સમયપત્રક બનાવવાં માટે.
- આર્થિક હિસાબોની નોંધ રાખવા માટે.
- શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે સંપર્ક રાખવા માટે, જેમાં સામાજિક નેટવર્કિંગ પ્રણાલીનો ઉપયોગ કરી શકાય.
- સરકાર અને અન્ય સંસ્થાઓ સાથે ઓનલાઈન પત્રવ્યવહાર કરવા માટે.

- ડેડસ્ટોક, શિક્ષક-રજીસ્ટર, વિદ્યાર્થી-રજીસ્ટર, પ્રગતિ-પત્રકો અને અન્ય પત્રકોનો વિકાસ કરીને તેમની પ્રિન્ટ લેવા માટે.
- શિક્ષકો, વિદ્યાર્થીઓ આને વાલીઓને આવશ્યક સૂચનાઓ આપવા માટે.
- જરૂરી પત્રો તૈયાર કરીને તેમની પ્રિન્ટ મેળવવા માટે.
- શાળાની વિવિધ શૈક્ષણિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન અને અમલીકરણ કરવા માટે.
- શાળામાં થતી વિવિધ મિટિંગ માટેના એજન્ડા તૈયાર કરવા માટે.
- CCTV દ્વારા શાળામાં થતી તમામ પ્રવૃત્તિઓ પર નજર રાખવા માટે.
- મિટિંગની કાર્યવાહીની નોંધ રાખવા માટે.

❖ **<u>સંશોધનમાં ICT નો વિનિયોગ</u>**

- સંશોધનનો અહેવાલ તૈયાર કરવા માટે.
- શિક્ષણ ક્ષેત્રે થતાં સંશોધનના વિશ્વવ્યાપી પ્રવાહ અંગેની માહિતી મેળવવા માટે.
- સંશોધન માટેનો ઓનલાઈન પ્રદત્ત મેળવવા માટે.
- કોઈપણ રીતે મેળવેલા પ્રદત્તનો સંગ્રહ કરવા માટે તથા મેનુ વિશ્લેષણ કરવા માટે.
- સંશોધન અહેવાલને ઓનલાઇન કે પ્રિન્ટ કરીને પ્રકાશિત કરવા માટે.
- સંશોધન માટેનાં ઉપકરણ તેચાર કરવા માટે.
- સંશોધનનાં અભ્યાસપાત્રો સાથે સંપર્કમાં રહેવા માટે.
- સંશોધન સાહિત્યનો અભ્યાસ કરવા માટે.
- સંશોધન સાથે સંકળાયેલા નિષ્ણાતો સાથે સંપર્કમાં રહેવા માટે.

❖ **<u>પુસ્તકાલયમાં ICT નો વિનિયોગ</u>**

- પુસ્તકાલયના પુસ્તકોનો હિસાબ રાખવો.
- પુસ્તકોની યાદી(Catalouge) બનાવવી.
- પુસ્તકાલયના સભ્યોને આપેલ અને પરત આવેલ પુસ્તકોની માહિતી જાળવવી.
- પ્રકાશન વર્ષ, લેખક, પ્રકાશક, સાહિત્ય ક્ષેત્ર, સાહિત્યના પ્રકાર, વગેરેને ધ્યાનમાં રાખીને પુસ્તકોનું વર્ગિકરણ કરીને પુસ્તકોની યાદી તેચાર કરવી.
- પુસ્તકાલયના કમ્પ્યૂટરસને ઈ-ગ્રંથાલય સાથે જોડીને તેની લાભ શિક્ષકો અને વિદ્યાર્થીઓને મળી રહે તેવી વ્યવસ્થા કરવી.
- પુસ્તકાલયમાં ઈ-જર્નલ્સ, ઈ-પુસ્તકો, ઈ-અખબારો વગેરેની જોગવાઈ કરવા માટે ઇન્ટરનેટનો ઉપયોગ કરવો.
- અપ્રાપ્ય અને ખૂબ જૂના પુસ્તકોને ડિજિટલાઈઝ કરીને તેમનો સંગ્રહ કરવા.
- ડિજિટલાઈઝ પુસ્તકો વાચકોને સરળતાથી મળી રહે તે માટે પુસ્તાલયમાં કમ્પ્યૂટર નેટવર્કની વ્યવસ્થા કરવી.
- નવા પુસ્તકોના ટાઇટલ પ્રિન્ટ કરીને પુસ્તકાલયના બુલેટિન બોર્ડ પર મુકવા.

- સંસ્થાના પોતાના સામાયિકો કે જર્નલ્સનું પ્રકાશન કરવા.
- સંસ્થાનું પોતાનું કોમ્પુટર નેટવર્ક વિકસાવીને શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે સંસ્થામાં ઉપલબ્ધ પુસ્તકો માટેનું એક સિમિત ઈ-ગ્રંથાલય સ્થાપવું.
- SMS અને સામજિક નેટવર્કિંગ પ્રણાલીનો ઉપયોગ કરીને નવા પુસ્તકો અંગેની માહિતી અને અન્ય અગત્યની માહિતી વાંચકો સુધી પહોંચાડવા.
- ઈન્ટરનેટ સાથે જોડાયેલા દેશ-વિદેશના પુસ્તકાલયો સાથે સતત સંપર્કમાં રહેવા.
- ઈન્ટરનેટ પર પ્રાપ્ય એવા મુકત(Copy Right વગરના) સાહિત્યનો સંગ્રહ કરવા માટે તથા તેની પ્રિન્ટ મેળવવા માટે.

**ઉપસંહાર**

આમ, શિક્ષણમાં ICTના કાર્યક્ષેત્ર દ્વારા કમ્પ્યૂટર ક્ષેત્રના નિષ્ણાતો, વિષય નિષ્ણાતો અને શિક્ષણશાસ્ત્રીઓનો સહકાર મેળવીને પોતાનું કામ સારી રીતે પૂર્ણ કરવાનો પ્રયત્ન કરે છે. જો કે હવે શિક્ષકો જાતે પણ તેમની કક્ષાએ કમ્પ્યૂટર આધારિત અધ્યયન સામગ્રી તૈયારી કરતાં જોવા મળે છે. જે શિક્ષકો પાસે સોફ્ટવેર અંગેનું જ્ઞાન અને તેનો ઉપયોગ કરવા માટેનું કૌશલ્ય હોય છે તેઓ જાતે જ આવી સ્વ-અધ્યયન સામગ્રી તૈયાર કરતાં હોય છે. ઉચ્ચ ગુણવત્તાવાળી આવી સામગ્રી તૈયાર કરી શકાય છે.

**સંદર્ભ**

શુક્લા, એસ.(૨૦૧૭). ICT**ની વિવેચનાત્મક સમજ.**(બીજી આવૃત્તિ). અમદાવાદ: ક્ષિતિ પ્રકાશન

પટેલ, આર.(૨૦૧૦). **સંશોધનની પાયાની સંકલ્પનાઓ.**(સંશોધનહાથપોથી). અમદાવાદ: જય પબ્લિકેશન

**વેબસાઇટ**

https://youtu.be/4ckAxInmCwc
jivantshixan.blogspot.com/2013/07/blog-post.html

**શિક્ષણ દર્શન**માટેનું લવાજમ મોકલવાનું સરનામું :-

**શ્રી અરવિંદભાઈ એલ મહેતા**

૫, પ્રીતિ ડુપ્લેક્ષ, આનંદવન કોમ્પલેક્ષ પાસે,
સુભાનપુરા, **વડોદરા- ૩૯૦૦૨૩**

**૧** વર્ષનું લવાજમ –**૧૨૦ રૂ.**
૩ વર્ષનું લવાજમ –**૩૩૦ રૂ.**
**૫** વર્ષનું લવાજમ –**૫૫૦ રૂ.**